

## મોડાસાની કે.એન. શાળામાં વિજ્ઞાન મેળો યોજાયો

મોડાસા શહેરની કે.એન. શાહ હાઈસ્કૂલ ખાતે તાજેતરમાં વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૫-૧૨ ના વિદ્યાર્થીઓએ વિવિધ મોડલ રજૂ કર્યા હતા. મોડાસા કેળવણી મંડળ સંચાલિત કે.એન. હાઈસ્કૂલમાં વિજ્ઞાનમેળો યોજાયો હતો. મેળામાં ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને સમાજ ઉપયોગી તેમજ ઓછા ખર્ચાળ વિવિધ પ્રોજેક્ટો રજુ કર્યા હતા. મેળામાં મધ્યમ વર્ગને પોસાય તેવા એસી.એ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. શાળાના આચાર્ય, શાળા પરિવાર સહિત ઉપસ્થિત મહાનુભાવો ગદ્ગદીત બની ગયા હતા અને બાળકોની કલાના વખાણ કર્યા હતા. (તસવીર : જય અમીન, મોડાસા)

### ધનસુરા ગામમાં વપરાશ કરતા વધુ વીજ બીલ આવતા ગ્રાહકોમાં રોષ

ધનસુરા, તા.૧૧

ધનસુરા ગામ સહિત આસપાસના વિસ્તારમાં અનેક લોકોને વીજ વપરાશ કરતા વધુ બીલ આવતા ગ્રાહકોએ વીજ કંપની વિરુદ્ધ ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો.


ધનસુરા ગામ સહિત આસપાસના રહેણાંક વિસ્તારમાં રહીશોના વીજ બીજ ચાલુ માસે એવરેજ વપરાશ કરતા વધુ નોંધાયા છે. પરિણામે ગરીબ શ્રમજીવી પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. આ અંગે વીજ કંપનીમાં ફરિયાદ કરતા વીજ કંપનીના અધિકારીઓએ કોઈ પણ વાત ન સાંભળી પહેલા ચાલુ માસનું બીલ ભરો. બાદમાં જ તમારા મીટરનું ચેકીંગ કરવામાં આવશે. આથી ગ્રામજનોમાં વીજ કંપની વિરુદ્ધ રોષ જોવા મળ્યો છે. અને ગામના તમામ મીટરનું ચેકીંગ કરી ક્ષતિગ્રસ્ત મીટરોને બદલવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# સાબરકાંઠાના કોડીયાવાડાના શહીદ જવાનને વતને ગાર્ડ ઓફ ઓનર સાથે અગ્નિસંસ્કાર કરાયો

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠાના વિજયનગરના કોડીયાવાડા ગામનો ૨૮ વર્ષીય સીઆરપીએફનો જવાન જીજ્ઞેશ પટેલ છત્તીસગઢમાં નકસલવાદી હુમલામાં ગોળી વાગતા શહીદ થયો હતો જેને તેના માદરે વતન સોમવારે સવારે ગાર્ડ ઓફ ઓનર સાથે અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો.

વિગત એવી છે કે વિજયનગરના કોડીયાવાડા ગામનો યુવાન જીજ્ઞેશ પટેલ પાંચ વર્ષથી સીઆરપીએફમાં જવાન તરીકે ફરજ બજાવતો હતો અને એ દરમિયાન શનિવારે સવારે ૮ વાગેના સુમારે છત્તીસગઢમાં બીજાપુર જિલ્લાના અવાપલ્લી વિસ્તારમાં આપરેશન દરમિયાન જીજ્ઞેશને નકસલી હુમલામાં છાતી પર ગોળી વાગી હતી અને તેઓ શહીદીને વર્યા હતા. જીજ્ઞેશ પટેલને ગોળી વાગતા બાકીના જવાનો બચી ગયા હતા. શહીદ જીજ્ઞેશ પટેલના પાર્થિવ દેહનો રવિવારે સાંજે ગાંધીનગર લવાયો હતો જે દેહને સોમવારે તેના વતન વિજયનગરના કોડીયાવાડા ખાતે લવાયો હતો અને તેના ઘર આગળ દર્શન માટે મુકયો હતો. ગ્રામજનો અને પરિવારજનોએ શહીદ દેહના દર્શન કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી ત્યાર બાદ અંતિમયાત્રા નીકળી હતી જયાં જિલ્લા પોલિસ વડા પ્રવીણ માલ સહીત સીઆરપીએફ ગ્રુપ ગાંધીનગરના ડીઆઈજી થોમસ જોબ, ખેડબ્રહ્મા-વિજયનગરના ધારાસભ્ય-અશ્વિન કોટવાલ, વિજનયગર પીએસઆઈ-આર.ડી. સગર સહીત ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં ગાર્ડ ઓફ ઓનર આપીને અંતિમ વિદાય આપવામાં આવી હતી અને બંદુકની ગોળી હવામાં ફાયર કરી શહીદીની સલામી આપ્યા બાદ તેમના દેહને અગ્નિ સંસ્કાર આપવામાં આવ્યા હતા શહીદ જીજ્ઞેશ પટેલના લગ્ન બે વર્ષ પહેલા થયા હતા જયારે તેમના પિતા પણ આર્મીમાં છે.



(તસવીર : કાન્તીલાલ લોધા)

માલગઢ કૈલાસધામના મહંત શામગીરી મહારાજનું ટુંકી માંદગી બાદ ગતરોજ શ્રાવણ સુદ પૂનમના દિને બ્રહ્મલીન થયા છે. આથી કૈલાસધામ ખાતે જ મહારાજને સમાધી આપવામાં આવી હતી.

### ધનસુરામાં ચૌધરી સમાજની ધર્મશાળાનું નિર્માણ કરાયું

ધનસુરા, તા. ૧૧

ધનસુરાના પરબડી ચોક સ્થિત ગ્રામ પંચાયતની નજીકમાં જ ધનસુરા ચૌધરી સમાજ દ્વારા સમાજ ઉપયોગ અદ્યતન સુવિધાવાળી ધર્મ શાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ધનસુરા ચૌધરી સમાજના આગેવાનોના પ્રયત્ન અને સહકારથી પરબડી ચોક ખાતે સમાજ ઉપયોગી અદ્યતન સુવિધા ધરાવતી ધર્મશાળા બનાવવામાં આવી છે. ધર્મશાળામાં લગ્ન, સામાજિક ધાર્મિક પ્રસંગોનું આયોજન પણ કરી શકાશે. સમાજના સેવાભાવી ધીરૂભાઈ પટેલ, માધુભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલનો સિંહ ફાળો રહ્યો છે.

### મોડાસામાં માર્ગો પર રખડતી ગાયોનો ત્રાસ

મોડાસા, તા. ૧૧

મોડાસા શહેરમાં જયાં જોવો ત્યાં માર્ગો પર ગાયોના ટોળે ટોળા થઈ જતા હાલ મોડાસાના માર્ગો પર રાહદારીઓ અને વાહનચાલકો માટે પસાર થવું જોખમી બની ગયું છે. ગાયોના ટોળા માર્ગો પર જામી જતા ભારે ટ્રાપિકની સમસ્યા પણ સર્જાય રહી છે.

મોડાસા શહેરના મુખ્ય જાહેર માર્ગો પર હાલ રખડતી ભટકતી ગાયો સવારથી સાંજ સુધી માર્ગ પર અડીંગો જમાવી બેસી જાય છે. પરિણામે રાહદારીઓ અને વાહનચાલકોએ માર્ગ પરથી પસાર થવું મુશ્કેલીભર્યુ બન્યું છે. ઉપરાંત જાહેર માર્ગો પર અન્ય ખાનગી વાહનચાલકો પણ પોતાના શટલીયા વાહનો લઈ ઉભા રહી જતાં ટ્રાફિકની સમસ્યા પણ વિકટ બની જેને લઈ શહેરીજનોએ આ સંદર્ભે ઉગ્ર રોષ વ્યક્ત કરી રખડતા ઢોરોનો સત્વરે નિકાલ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# પાલનપુર મુકામે મહિલા રોજગાર ભરતી મેળો યોજાયો

## ૧૧૦ બહેનોને સ્થળ પર નોકરીના ઓર્ડર અપાયા

પાલનપુર, તા. ૧૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના ગતિશીલ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ગુજરાત લક્ષ્યાંક-૧૦૦ દિવસ કાર્યક્રમ અંતર્ગત મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી પ્રસંગે પાલનપુર મુકામે જિલ્લા સેવા સદન-૨ ખાતે નાયબ કલેકટર આર.આી.શેખના અધ્યક્ષસ્થાને મહિલારોજગાર ભરતી મેળો યોજાયો હતો. જેમાં કુલ ૪૬૦ બહેનોએ ભાગ લીધો હતો. તેમાંથી ૧૧૦ બહેનોને જુદી જુદી કંપનીઓ દ્વારા રોજગારીના ઓર્ડર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે નાયબ કલેકટરશ્રી શેખે પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આપણાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની પ્રેરણા અને માર્ગદર્શનથી સમગ્ર રાજ્યમાં મહિલા સશક્તિકરણ પખવાડીયું ઉજવાઈ રહ્યું છે. તે નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે બહેનોની સતત ચિંતા કરી તેમના વિકાસ માટે બહુ સારા નિર્ણયો લે છે તેના પરિણામ સ્વરૂપ નોકરીદાતાઓ સામેથી આવીને મહિલાઓને નોકરી આપે છે. શ્રી શેખે બહેનોને ઉજજવળ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે નોકરી મેળવનાર બહેનોને દિવસની જ નોકરી આપવામાં આવશે. નાઈટશીપમાં બહેનોને બોલાવાશે નહીં.

જિલ્લારોજગારી અધિકારી વી.એન. બુંબડીયાએ જણાવ્યું હતું કે જિલ્લા રોજગાર કચેરી બનાસકાંઠા દ્વારા સમયાંતરે જુદા જુદા ભરતી મેળાઓ યોજવામાં આવે છે. તેમણે જિલ્લાના બેરોજગાર ભાઈ બહેનોને ઉદ્દેશતા જણાવ્યુંહતું કે ભરતી મેલાઓ અંગે આ કચેરીના ફોન નં. ૦૨૭૪૨-૨૫૪૨૮૯ ઉપર સંપર્ક કરીને વિગતો મેળવી શકે છે. નોકરીદાતાઓ તરીકે રીલાયેબલ ફર્સ્ટ વોડાફોન કોલ સેન્ટર અમદાવાદ, ક્યુ ક્લીક એડ સર્વિસ પાલનપુર, બાયોકોન કન્સલ્ટન્સી પ્રા.લી. પાલનપુરના અધિકારીઓએ ઉપસ્થિત રહી જોબ અંગે સમજ આપી ઈન્ટરવ્યુ લીને સ્થળ પર નોકરીના ઓર્ડર આપ્યા હતા.

આ પ્રસંગે મામલતદારશ્રી ગીતાબેન દેસાઈ, વોડાફોન કોલ સેન્ટર અમદાવાદના અધિકારી શફીક સૈયદ, બાયોકોન કન્સલટન્સી પ્રા.લિ.ના અધિકારી અરૂણ ચૌધરી, જુ. રોજગાર અધિકારી એમ.પી. ચૌહાણ અને એન.કે. લીંબાચીયા, પ્લેસમેન્ટ બ્યુરો પી.એમ. પટેલ સહિત બહેનો તથા તેમના વાલીઓ સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ફઝલુ રહેમાનને કોર્ટમાં રજુ કરાયો : ૨૨મીએ સુનાવણી

## કેસમાં પુરાવાઓની ચકાસણી પછી આરોપ ઘડવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે : ગ્રામ્ય સેશન્સમાં મુદત

અમદાવાદ, તા.૧૧

જાણીતા અને વિવાદાસ્પદ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અપહરણ કેસમાં સંકળાયેલા આરોપી ફઝલુ રહેમાનને અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. આ કેસમાં પુરાવાની ચકાસણી બાદ ચાર્જફ્રેમ કરવા અંગેની કાર્યવાહી થવાની છે. જો કે કેસમાં મુદત પડતા આ કેસની વધુ સુનાવણી આગામી ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ કેસમાં પાંચ આરોપીઓ નિર્દોષ છુટેલા છે.

આ કેસની વિગત એવી છે કે જાણીતા અને વિવાદાસ્પદ રહેલા ઉદ્યોગપતિ ગૌતમ અદાણીનું વર્ષ ૧૯૯૮માં ગેંગસ્ટર ઈરફાન ગોગાના કહેવાથી ફઝલુ રહેમાને અમદાવાદના રાજપથ કલબ પાસે અપહરણ કર્યું હતું, પછી દુબઈથી ૧૫ કરોડની ખંડણી વસુલાયા બાદ અદાણીનો છુટકારો થયો હતો. એક કરતાં વધુ કેસમાં સંડોવાયેલા અને ખુંખાર આરોપી ફઝલુ રહેમાનને અન્ય ગુનામાં સજા થયેલી છે તે હાલ તિહાર જેલમાં હતો પરંતુ અહીં અદાણી અપહરણ કેસમાં મુદત હોવાથી તેને ટ્રાન્સફર વોરંટના આધારે અમદાવાદ લાવવામાં આવ્યો હતો. આ કેસમાં પુરાવાની ચકાસણી પછી ચાર્જફ્રેમ જેવી મહત્વની કાર્યવાહી થવાની છે. જો કે આ કેસમાં મુદત પડતા વધુ સુનાવણી ૨૨ ઓગસ્ટના રોજ હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે આ કેસમાં અગાઉ સંડોવાયેલા પાંચ આરોપીઓ નિર્દોષ છુટી ગયા હતા. ફઝલુ રહેમાન મુળ બિહારનો છે તે પ્રેમમાં મળેલી નિષ્ફળતાના કારણે ગેંગસ્ટર બન્યો હતો તેવું પોલીસ કબુલાતનામામાં જણાવ્યું હતું.

## મણીનગરની સ્કુલમાં શિક્ષકે લાફો મારતાં ફરીયાદ કરાઈ

તાજેતરના દિવસોમાં શાળામાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને માર મારવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે ત્યારે આવો વધુ એક કિસ્સો અમદાવાદના મણીનગર વિસ્તારમાં આવેલી નેલ્સન ઈંગ્લિશ સ્કુલમાં જોવા મળ્યો હતો. જેમાં શાળાના શિક્ષકે વિદ્યાર્થીઓને લાફો મારતો વિદ્યાર્થીઓના વાલીઓ શિક્ષક વિરૂદ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી. જો કે પાછળથી સમાધાન થઈ જતાં અંતે પોલીસ ફરીયાદ પરત ખેંચાઈ હતી. પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદના મણીનગર વિસ્તારમાં નેલ્સન ઈંગ્લિશ સ્કુલ આવેલી છે. આ શાળામાં ધોરણ-૧માં કબીર અજયભાઈ વેડવાની નામનો એક વિદ્યાર્થી અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીને શાળાનાં મેથ્સ શિક્ષકે લાફો માર્યાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ વિદ્યાર્થી મેથ્સ અને સાયન્સનાં પીરીયડમાં ધીમે લખતો હોવાના કારણે શિક્ષકે વિદ્યાર્થીને લાફો માર્યો હતો. આ અંગે વિદ્યાર્થીએ ઘરે આવીને પોતાના પિતા અજયભાઈ વેડવાનીને જાણ કરતા તેઓ ઉશ્કેરાયા હતા અને શાળાના શિક્ષક વિરૂદ્ધ મણીનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# રાયગઢના પાર્વતી હિલ ખાતે એડવેન્ચર કેમ્પ યોજાયો

બાયડ, તા.૧૧

મહિલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણીના ભાગરૂપે બાયડ પોલીસ મથક દ્વારા તાલુકાની તક્ષશિલા વિદ્યાલયના બાળકો માટે રાયગઢ ગામે સ્થિત પાર્વતી હિલ ખાતે બે દિવસીય એડવેન્ચર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ કર્મી-શિક્ષકો અને શાળાના બાળકો જોડાયા હતા. બાળકોએ વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લઈ માહિતી અને માર્ગદર્શન મેળવ્યું હતું. મહિલા સશક્તિકરણ કાર્યક્રમ હેઠળ બાયડ પોલીસ સ્ટેશનના પી.આી. એચ. જે. બેંકરના માર્ગદર્શન હેઠળ શહેરની તક્ષશીલા વિદ્યાલયના બાળકો માટે ગાભોઈ નજીક રાયગઢ ગામે સ્થિત પાર્વતી હિલ મુકામે એડવેન્ચર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં બાયડ પોલીસ મથકના પી.આઈ. એચ. વી. ગોટીની આગેવાનીમાં ૨૦ પોલીસ કર્મીઓ, ૧૩ શિક્ષકો સહિત ૧૪૩ વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. બે દિવસ દરમિયાન બાળકોએ જંગલ વૉકીંગ, મંકી બ્રીજ, વિવિધ રમતો, રસ્તા ચઢ, ઉંચી કુદ વગેરેની તાલીમ મેળવી હતી. બાળકો માટે પોલીસ તરફથી કેમ્પ દરમિયાન જંગલમાં રહેવા અને જમવાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.





ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) સંચાલિત એચ. એમ. પટેલ કૅરિયર ડૅવલપમેન્ટ સૅન્ટર (સીડીસી)ના ઉપક્રમે યુવાપેઢીના જાહેર હિતમાં ચલાવાતા જીપીએસસી પરીક્ષા માર્ગદર્શન કાર્યક્રમમાં શનિવારે જીપીએસસીના પૂર્વ સભ્ય અને કાર્યવાહક અધ્યક્ષ રહેલા શ્રી મૂળચંદ રાણાએ રસાળ શૈલીમાં માહિતીપ્રદ સંબોધન કયુઁહતું. આ પ્રસંગે સીડીસીના નિયામક ડૉ.હરિ દેસાઈ અને કાર્યક્રમ સંયોજક ડૉ.નીલેશ બારોટ ઉપસ્થિત હતા.

## વીએસ સિક્યુરિટી સિસ્ટમમાં અનેક બેદરકારી છે : બદરૂદ્દીન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત હોસ્પિટલ, કાંકરિયા લેકફ્રન્ટ, મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ઝોનના બિલ્ડીંગ, ગાર્ડન વગેરે માટે ગયા વર્ષે સિક્યુરીટી કોન્ટ્રાક્ટ ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. તેમાં ટેન્ડરોની શરતો મુજબ રૂા. ૧.૫ કરોડનું ટર્નઓવર ધરાવતી એજન્સીઓ આ ટેન્ડર ભરી શકશે તેવી શરત મુકેલી જેના કારણે અમુક ચોક્કસ સિક્યુરીટી એજન્સીઓને કોન્ટ્રાક્ટ મળે તે બાબતે કારસો રચવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સિક્યુરીટી એજન્સીઓની કામગીરી બાબતે તંત્ર દ્વારા મોનીટરીંગ કરવામાં આવતું નથી. જેના કારણે મ્યુનિસિપલ કોર્પોરેશનને દર મહિને કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. આ બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશનના વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખે જણાવ્યું હતું કે વીએસ હોસ્પિટલમાં આજે તેઓ ગયા હતા ત્યારે સિક્યુરીટી સેવામાં ગંભીર ગેરરીતી ધ્યાનમાં આવી હતી. સવારની શિફ્ટમાં ૭૧ સિક્યુરીટી અને બે સુપરવાઈઝર, બપોરની શિફ્ટમાં ૫૨ સિક્યુરીટી અને બે સુપરવાઈઝર તેમજ રાત્રીની શિફ્ટમાં ૪૪ સિક્યુરીટી અને બે સુપરવાઈઝર મળી કુલ ૧૬૭ સિક્યુરીટી અને ૬ સુપરવાઈઝર રોજના સમય દરમ્યાન હોવા જોઈએ પરંતુ સવારની શિફ્ટમાં ૭૧ સિક્યુરીટી પૈકી ત્રણ ગેરહાજર હતા, ૧૪ સિક્યુરીટી તેમને સોંપાયેલા પોઈન્ટ પર હાજર જ ન હતાં તેમજ ચાર સિક્યુરીટી યુનિફોર્મ પણ પહેરેલો ન હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦